GJJN110001972026

---

**મહેરબાન ભેંસાણના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.ભેંસાણ.**

---

**ફોજદારી કેસ નં.૧૨૨/૨૦૨૬.**
**આંક–૧૭.**

| | |
|---|---|
| **ફરીયાદી** | શ્રી સરકાર |
| **..વિરૂધ્ધ..** | |
| **આરોપી** | **(૧). ધિરેન ઉર્ફે ડી.કે. અમૃતલાલ કારીયા,**<br>ઉ.વ.૪૪, ધંધો–કન્સ્ટ્રકશનનો,<br>રહે.જુનાગઢ, રાયજીબાગ, નોબલ પ્લેટીનીયમ એપાર્ટમેન્ટ–બી, બ્લોક નં.૮૦૧,<br>**(૨). જયેન્દ્ર સ/ઓ. જીલુભાઈ જગુભાઈ બસીયા,**<br>ઉ.વ.૨૮, ધંધો : પ્રા.નોકરી,<br>રહે.અમરનગર, તા.જેતપુર, જી.રાજકોટ. |
| **ગુન્હો :** | પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ), ૮૧, ૮૩, ૧૧૬(બી), ૯૮(૨) તથા ભારતીય ન્યાય સંહીતાની કલમ–૧૧૧(૨)(બી), ૧૧૧(૩), ૧૧૧(૪), ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૪૦(૨) મુજબ. |

**<u>–: કમિટલ હુકમ :–</u>**

**(૧).** ભેંસાણ પો.સ્ટે.ગુના રજી.નં.૧૧૨૦૩૦૦૭૨૫૦૩૫૧, પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ), ૮૧, ૮૩, ૧૧૬(બી), ૯૮(૨) તથા ભારતીય ન્યાય સંહીતાની કલમ – ૧૧૧(૨)(બી), ૧૧૧(૩), ૧૧૧(૪), ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૪૦(૨) મુજબના ગુનાની તપાસના અંતે તપાસ કરનાર અમલદારશ્રી ધ્વારા ઉપરોકત આરોપીઓ સામે અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

**(૨).** મજકુર આરોપીઓ પૈકી આરોપી નં.૧ અન્ડર ટ્રાયલ પ્રિઝનર છે, અને આજરોજ યોગ્ય પોલીસ જાપ્તા સાથે અત્રેની અદાલત સમક્ષ હાજર છે, તેમજ આરોપી નં.ર જામીન મુકત

છે અને આજરોજ અત્રેની અદાલતમા હાજર છે. આરોપી નં.૨ ના જામીનદાર પણ હાજર છે. આજરોજ બંન્ને આરોપીઓના વિ.વકિલશ્રી પણ હાજર છે. આરોપીઓને પોલીસ પેપર્સની નકલ મળ્યાની ખાત્રી કરવામાં આવેલ છે અને આજરોજ આરોપીઓની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે, તેમજ આજરોજ આરોપીઓ તરફથી ખાનગી વકીલ રોકવા માટેની તેમજ કેસ પેપર્સની નકલ મળ્યા અંગેની પુરસીસ અલગથી રજુ કરેલ છે.

**(૩).** આ કામે ચાર્જશીટ તથા તેની સાથેના કાગળો વંચાણે લેતાં, આરોપીઓ સામેના ઉપરોકત આક્ષેપિત ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા અત્રેની અદાલતને નહી,પરંતુ માત્ર નામદાર સેશન્સ અદાલતને હોય, જેથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૨ હેઠળ હાલનો કેસ નામદાર સેશન્સ અદાલત, વિસાવદરને કમીટ કરી મોકલી આપવો વ્યાજબી અને ન્યાયોચીત જણાતુ હોય, જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: <u>હુકમ</u> :–**

(૧). ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૨ હેઠળ આરોપીઓ સામેનો હાલનો કેસ નામદાર સેશન્સ અદાલત, વિસાવદરને કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨). આરોપીઓ સામેના હાલના કેસનુ રેકર્ડ એન્ડ પ્રોસીડીગ્સ તૈયાર કરી નામદાર સેશન્સ અદાલત, વિસાવદરને મોકલી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

(૩). હુકમની જાણ જીલ્લા સરકારી વકીલશ્રીની કચેરીને કરવી.

(૪). આરોપીઓ સામેનો કેસ હવે પછી નામદાર સેશન્સ અદાલત, વિસાવદર ખાતે ચાલનાર છે તે અંગે મુદૃત તારીખ : ૦૭/૦૪/૨૦૨૬ ની આરોપીઓને જાણ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ : ૦૧ લી, માહે : એપ્રિલ, સને : ૨૦૨૬ ના રોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૧/૦૪/૨૦૨૬.
મુ.ભેસાણ.

(જીતેશ જયેશકુમાર મોદી)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ભેસાણ.
(કોડ નંબર–જીજે ૦૧૩૯૧)